

## *ReLEx smile*, સ્વતંત્રતાનો નવો આધાર

ધારો કે આપના ચશ્માં આપનો દેખાવ બદલી નાંખે છે તેની આપને ચિંતા ન કરવી પડે. ધારો કે આપ કોન્ટેક્ટ લેન્સ ભૂલી ગયા છો એમ છતાં કામ કરવાની ચિંતા કરવી પડતી નથી. ધારો કે વરસાદમાં પણ આપ ચશ્માં કે લેન્સની ચિંતા વગર જ વાહન ચલાવી શકો છો. ધારો કે આપને પિક્ચર જોવા માટે *3-D* ચશ્માં આપના પોતાના ચશ્માં ઉપર નથી પહેરવા પડતા. ધારો કે આપને આપના દરેક મિત્રોની જેમ આકર્ષક વ્યક્તિત્વ માટે ચશ્માં કે લેન્સની ચિંતા કરવી પડતી નથી. ધારો કે આ દરેક તકલીફોમાંથી આપને આઝાદી જોઇએ છે તો તે માટે છે ***ReLEx smile.***

હવે ગભરાશો નહીં, જિંદગી હજુ શરૂ થઇ છે, ચશ્માં કે લેન્સથી આઝાદ થઇ  જાઓ અને આપની જિંદગીની ખુશીઓ પાછી મેળવો. આ ચશ્માં અથવા કોન્ટેક્ટ લેન્સ વગરની દુનિયા આપની રાહ જોઇ રહી છે.



### Refractive Milestones at Dr. Sapovadia's Netradeep Eye Hospital Pvt. Ltd

| | |
|---|---|
| **2015** | ReLEx SMILE: Flapless, All laser Lasik Procedure. |
| **2012** | Upgraded to fastest excimer laser Wavelight Ex 500. |
| **2011** | Upgraded to fastest femtosecond laser, Wave light-FS200, first in Gujarat. |
| **2010** | 1st to start  Staar ICL Implantation in the region. |
| **2007** | Introduction of Blade less lasik by Zeimer Femto LDV. |
| **2006** | Phakic IOL implantation for very high myopia. |
| **2004** | 1st to start Customized Lasik in  with Nidek Navex CXII. |
| **1997** | 1st to start Lasik in Saurashtra & Kutch with Nidek EC5000. |
| **1991** | 1st to start Radial Keratotomy in Saurashtra & Kutchh. |

Netradeep Eye Hospital Pvt. Ltd. RAJKOT


**Dr. Sapovadia's**
**Netradeep Eye Hospital Pvt. Ltd**

Kanak Road, B/h. Bus Station & Bhutkhana
Rajkot - 360 001, Gujarat, India.
Tel: +91 281 222 5190, 223 9270
Fax: +91 281 222 5190
Email: info@netradeepeyehospital.com
Website: www.netradeepeyehospital.com


**Laser Vision Correction Beyond LASIK**

Contact our LASIK expert to know more.

Call us @ 1800 233 225191 (Toll free number)



NEW INNOVATIVE 3D LASER FLAPLESS TECHNOLOGY

Experience
the next generation
Laser vision correction

# ReLEx® smile

**Bladeless. Flapless. All-laser**

Netradeep Eye Hospital Pvt. Ltd. RAJKOT

**Dr. Sapovadia's**
**Netradeep Eye Hospital Pvt. Ltd**



## આપની આંખો શ્રેષ્ઠત્તમ સારવારને યોગ્ય છે

દૃષ્ટિ એ જ જીવન છે અને આપણે આપણી આંખો દ્વારા આપણી આસપાસની દુનિયાને અનુભવીએ છીએ. દરેક ક્ષણ, દરેક અનુભવ અને દરેક મનુષ્યને આપણે આંખો દ્વારા ઓળખીએ છીએ અને યાદ રાખીએ છીએ, આથી જ સચોટ દૃષ્ટિ આપણાં જીવન માટે જરૂરી છે. એવું કહેવાય છે કે સ્મિતની સાચી સુંદરતા આંખોમાં રહેલી છે. તો પછી આ કુદરતી સુંદરતાને શા માટે ચશ્માં ની કેદમાં છૂપાવવી જોઇએ, પરંતું હવે આપને ગભરાવાની જરૂર નથી !

***ReLEx smile*** એ આંખોના નંબર ઉતરાવવાની લેસર સારવારમાં એક અલગ જ પદ્ધતિ છે, જેની અનેક વિશેષતાઓ છે જેની બ્લેડ વગરની, સલામત, દર્દરહિત, સૂક્ષ્મ કાપાથી થતી ચોક્કસાઇભરી અને આરામદાયક સારવારનો અનુભવ આપને ચિંતામુક્ત બનાવશે, અને આપ અનુભવશો અન્ય કોઇપણ પદ્ધતિ કરતાં બહેતર સ્પષ્ટ દૃષ્ટિ અને આપના પોતાના કુદરતી











### ફ્લેપ વગર *3D* લેસર ઓપરેશન

***ReLEx smile*** એ ***Carl Zeiss***, જર્મનીની કંપની દ્વારા નિર્મિત ચશ્માંના નંબર ઉતારવાની ચોક્કસાઇભરી અને સંવેદનશીલ નવીનતમ સારવાર છે, ફ્લેપ બનાવ્યા વગર નંબર ઉતારવાને ***ReLEx smile*** પદ્ધતિ શક્ય બનાવે છે, આ પહેલી અને એકમાત્ર બ્લેડ વગરની સારવાર છે.

### ચોક્કસ અને સંવેદનશીલ સારવાર

જૂની લેસર પદ્ધતિમાં કીકી ઉપર એક પાતળું પડ બનાવવામાં આવે છે અને તેને વાળીને ફરીથી ગોઠવવામાં આવે છે. ***ReLEx smile*** પદ્ધતિમાં કીકીનો એકદમ સૂક્ષ્મ ભાગ લેન્ટીકયૂલ આપની આંખના નંબરની જરૂરિયાત પ્રમાણે કાઢી લેવામાં આવે છે, આ આખી પ્રક્રિયા કોમ્પ્યુટર દ્વારા નિયંત્રિત થાય છે.

| 3D Laser Vision correction without a flap | |
|---|---|
| **ReLEx smile**<br>2-3 mm<br>Minimally invasive | **LASIK**<br>20 mm<br>Flap cut |
|  |  |

### આપની સાનુકૂળતા

- આપની કીકીનું કુદરતી બંધારણ જેમ હોય છે એમજ જળવાઈ રહે છે, જેથી તેની મજબૂતી અન્ય ટેકનિક કરતા વધારે સારી રીતે જળવાઈ રહે છે.
- સોજો બિલકુલ નહીંવત આવે છે કેમ કે લેસર ઊર્જાનો અન્ય ટેકનિક કરતા ૧૦ ગણો ઓછો વપરાશ થાય છે.
- ફ્લેપ બનાવવા માટે કાપો મૂક્તા નથી, જેથી આંસુ સૂકાવાનું પ્રમાણ ખૂબજ ઓછું રહે છે.
- સર્જરી દ્વારા કાપો મૂકવામાં આવતો નથી અને સારવાર દરમિયાન મશીનને બદલાવવાની જરૂર પડતી નથી.
- આ સંપૂર્ણ પદ્ધતિથી માત્ર એક જ તબક્કામાં એકદમ ચોક્કસાઈપૂર્વકની દ્દષ્ટિ મળી શકે છે.
- આ પદ્ધતિમાં ઓછામાં ઓછી કાપકૂપ થાય છે જેથી ઓછી કાળજીની જરૂર પડે છે. અને આપ પહેલા દિવસથી આપની નવી દ્દષ્ટિ માણી શકો છો.

### નેત્રદીપમાં ઉપલબ્ધ *ReLEx smile*

નેત્રદીપ આઇ હોસ્પિટલમાં આપ મેળવી શકો છો ખૂબ જ આધુનિક અને સર્વોત્તમ ટેકનોલોજી તેમજ અમારા અનુભવનો લાભ. અમારી હોસ્પિટલ એ વિશ્વની જૂજ અગ્રેસર લેસર સેન્ટરમાંથી એક છે કે જેમાં આધુનિક *3D* લેસર ફ્લેપ વગરની ટેકનિક ઉપલબ્ધ હોય.

નેત્રદીપ આઇ હોસ્પિટલ ખાતે અમે હંમેશા વિશ્વની ઉત્કૃષ્ટ ટેકનિક્સ અને તેનાં આધુનિક્કિરણ દ્વારા આંખોની શ્રેષ્ઠ સારવાર આપવા માટે પ્રયત્નશીલ રહ્યાં છીએ.

**ડૉ. વસંત સાપોવડીયા**ના અનુભવી અને સફળ નેતૃત્વમાં અમારી ડૉકટરોની ટીમ એક જ છત નીચે આંખોની તમામ સારવાર આપવા માટે  તત્પર છે.

**ડૉ. સાપોવડીયા**એ આંખની સારવાર અને તેની આધુનિક પદ્ધતિઓને લગતાં અનેક સેમિનાર અને તાલીમ વર્કશોપ દ્વારા અનેક ડૉકટરોને માર્ગદર્શન પુરૂં પાડેલ છે.

નેત્રદીપ આઇ હોસ્પિટલ ખાતે છેલ્લા ૨૫ વર્ષમાં ૩૫,૦૦૦ થી પણ વધુ લોકોએ આંખના નંબરની સારવાર મેળવેલ છે અને પોતાના જીવનમાંથી ચશ્માં કે કોન્ટેક્ટ લેન્સથી મુક્તિનો એક નવો જ અનુભવ પ્રાપ્ત કરેલ છે.

વૈશ્વિક કક્ષાના ઉત્કૃષ્ટ સાધનો દ્વારા પ્રાથમિક તપાસ અને ઉચ્ચ સારવાર દ્વારા અમે હંમેશા ઉત્કૃષ્ટ પરિણામો આપવા માટે પ્રયત્નશીલ રહ્યાં છીએ.

***1846*** થી ***Zeiss*** કંપની આંખો સંબંધીત ઉપકરણોની તેની ગુણવત્તા અને ચોક્કસાઇ માટે વિખ્યાત છે. ***1986*** માં ***Zeiss*** કંપનીએ પહેલું લેસર મશીન લોન્ચ કર્યું હતું, છેલ્લા ૨૫ વર્ષોથી નંબર ઉતારવાના ઓપરેશન માટે ઘણા એડવાન્સ ટેકનોલોજીના મશીનો બનાવેલ છે.

### VisuMax ફેમ્ટોસેકન્ડ લેસર

***ReLEx smile*** પદ્ધતિમાં અદ્યતન ***Carl Zeiss*** કંપનીનું ફેમ્ટોસેકન્ડ લેસર ***VisuMax*** નો ઉપયોગ થાય છે, તેની ઉચ્ચતર પદ્ધતિથી આ મશીન દર્દી અને ડૉક્ટર બન્ને ને પ્રભાવિત કરી દે છે તેની ચોક્કસાઇ માઇક્રો મીટર જેટલા સૂક્ષ્મ ભાગની હોય છે.

હું હંમેશા આ પદ્ધતિ દરમિયાન સલામતી અનુભવું છું, મારી દરેક અપેક્ષાઓ પૂર્ણ રીતે સંતોષાઇ ગઇ છે.

હું ખુશીથી બીજા દર્દીઓને આ પદ્ધતિ માટે ભલામણ કરૂં છુ.

-એક દર્દીનો પ્રશંસાદર્શક અભિપ્રાય

# નેત્રદીપ આઇ હોસ્પિટલમાં નવી જર્મન ટેકનોલોજીનું આગમન

રાજકોટ,

ડૉ. વસંત સાપોવડીયાની સૌરાષ્ટ્રની શ્રેષ્ઠતમ નેત્રદીપ આઇ હોસ્પિટલ ૧૯૮૭થી એડવાન્સ ટેકનોલોજી દ્વારા આંખની સંપૂર્ણ સારવાર માટે વિશ્વસનીય અને અગ્રેસર રહી છે.

ડૉ. સાપોવડીયા સાહેબે આંખોની સારવારમાં અનેક વાર સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમની પરંપરાનું પુનરાવર્તન કરેલ છે. બહેતર ટેકનોલોજીની પ્રબળ આંકાક્ષા અને લોકોને કંટાળાજનક કોન્ટેક્ટ લેન્સ અને બંધનરૂપી ચશ્માંથી મુક્તિ અપાવવાના અવિરત પ્રયાસરૂપે ફરી એક વખત અતિ વિશ્વસનીય, ખૂબ જ સલામત અને પરિણામલક્ષી સારવાર માટે નેત્રદીપ આઇ હોસ્પિટલ-રાજકોટ ખાતે આંખના નંબર ઉતરાવવાનું જર્મન ZEISS ટેકનોલોજીથી સુસજ્જ VisuMax ઉપકરણ ઇન્સ્ટોલ કર્યું છે.

જેની **ReLEx® SMILE સંપૂર્ણપણે લેસર નિયંત્રિત સલામત અને ફ્લેપલેસ, બ્લેડલેસ, પેઇનલેસ સારવાર આંખના પલકારામાં નંબર ઉતારવા સક્ષમ છે.** આ પદ્ધતિ બ્લેડલેસ ફેમ્ટો લેસિકથી એક તબક્કો આગળની પદ્ધતિ છે. ફેમ્ટો લેસિકમાં લેસર કીકીનું પડ બનાવવા માટે વપરાય છે. ત્યાર બાદ તેને વાળીને બાજુમાં રાખીને તે બીજા લેસરથી નંબર ઉતારવામાં આવે છે, આમ જો કે તે સાદા લેસિકથી અદ્યતન ટેકનિક છે, છતાં પણ તેમાં કીકીનું પડ તો બનાવવું જ પડે છે.

જ્યારે **ReLEx® SMILE** ટેકનિકમાં કીકીનું પડ બનાવ્યા વગર જ નંબર ઉતારી શકાય છે, જેના પરિણામે આ પદ્ધતિમાં ઓપરેશન સમયે કે અમુક વર્ષો બાદ પણ પડ ખસવાની ચિંતા રહેતી નથી. કીકીની સપાટીના કોષોને જરા પણ નુકસાન થતું નથી પરિણામે દુઃખાવો પણ થતો નથી.

ReLEx® SMILE પદ્ધતિથી લેસર લાઇટના અતિ સૂક્ષ્મ કિરણોથી કીકીની સપાટીના કોષોને સ્પર્શ કર્યા વગર તેની નીચે નાનું પડ બનાવવામાં આવે છે, જેને 'લેન્ટીક્યુલ' કહેવામાં આવે છે, આ પડના નિશ્ચિત માપ-સાઇઝ સર્જન દર્દીની આંખના નંબર પ્રમાણે અને આંખ માટે યોગ્ય હોય તે મુજબ બનાવે છે. આ ઓપરેશન સંપૂર્ણપણે કોમ્પ્યુર નિયંત્રિત હોવાથી એકદમ ચોક્કસાઇપૂર્વકની સારવાર થાય છે. આ પ્રકિયાથી એક આંખનું ફક્ત ૨૦-૩૦ સેકન્ડમાં જ સંપૂર્ણ સફળતાપૂર્વક ઓપરેશન થઇ જાય છે.

**ReLEx®SMILE** ટેકનિકમાં ફ્લેપ બનાવવામાં આવતો ન હોવાથી ફ્લેપ ખસવાની કે તે સંબંધિત કોઇ પણ તકલીફ થવાની શક્યતા જ રહેતી નથી, ઉપરાંત નાનો કાપો બનાવવાથી કીકીની નસોને નહીંવત નુકસાન થાય છે. જેથી આંખમાં આંસુંનું પ્રમાણ ઓછું થતું નથી અને કીકીની સંવેદના જળવાઇ રહે છે, તેમજ 'લેન્ટીક્યુલ'ને નાના કાપામાંથી કાઢવામાં આવે છે, તેથી કીકીનુ રાસાયણિક બંધારણ અને મજબૂતી સારી રીત જળવાઇ રહે છે.

આ પદ્ધતિમાં ફેમ્ટો સેકન્ડ લેસરનો ઉપયોગ થાય છે, એક્ઝાઇમર લેસરનો ઉપયોગ થતો નથી, એટલે કે આંખમાં જતી ઊર્જા ૧૦ ગણી ઓછી હોય છે, સોજો પણ નહીંવત આવે છે અને ઝડપી અને બહેતર પરિણામ મળે છે. એક્ઝાઇમર લેસરમાં વાતાવરણના ભેજનું પ્રમાણ અને તાપમાન અસર કરે છે જ્યારે ફેમ્ટો સેકન્ડમાં અસર થતી નથી, પરિણામે સારવાર ઝડપી અને સંપૂર્ણપણે ચોક્કસાઇપૂર્વક થાય છે અને દર્દીને ચોક્કસ અને સંપૂર્ણ દૃષ્ટિનો અનુભવ થાય છે.

જો આપને એરહોસ્ટેસ કે સ્પોર્ટસ જેવી કારકિર્દીમાં ચશ્માં અડચણરૂપ બનતા હોય તો ખાસ કરીને ઓછા પ્રકાશમાં જોવાની ક્ષમતા વધે છે. તેમજ આંસુંનું પ્રમાણ ઓછું થતું નથી અને દર્દીને અન્યની તુલનામાં વધુ અનુકૂળતા અનુભવાય છે, તો હવે ચશ્માં અને લેન્સને ભૂલો અને ઇનોવેટિવ એડવાન્સ 3D લેસર ફ્લેપલેસ ટેકનિકનો લાભ ઉઠાવવા થઇ જાઓ તૈયાર.

નેત્રદીપ આઇ હોસ્પિટલ ખાતે **ReLEx® SMILE** નું આગમન થયું તે માટે અમો ગર્વ અનુભવીએ છીએ. આ મશીન માટે ઘણું જ રોકાણ કરવું પડતું હોય છે, અને તેથી જ ભારતભરમાં અમુક જ અગ્રગણ્ય લેસર સેન્ટરમાં જ આ ટેકનિક ઉપલબ્ધ છે, એકંદરે મશીન અને ટેકનિક ખૂબ જ મોંઘા હોવાથી સારવારની કિંમત પણ ઊંચી હોય છે પરંતુ શરૂઆતના ૩૦ દર્દીઓને તેમાં ૨૦% જેવી છૂટ આપશે, તેવું નેત્રદીપ આઇ હોસ્પિટલ દ્વારા જણાવાયું છે.

## ReLEx® SMILE
**Laser vision correction beyond LASIK**

**નેત્રદીપ આઇ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર અને સર્જન ડૉ. વસંત સાપોવડીયા**




**ReLEx® SMILE સારવાર એ ચશ્માંના નંબર ઉતરાવવાનો સલામત અને વિશ્વસનીય અત્યાધુનિક વિકલ્પ છે. આ સારવાર અદ્‌ભૂત પરિણામ આપે છે તથા સાદા લેસર ઓપરેશન કરતાં વધુમાં વધુ દર્દીની દૃષ્ટિ ૬/૬ (નોર્મલ) થઇ જાય છે, ઉપરાંત તેમાં આંખની દૃષ્ટિની ગુણવત્તા વધુ સુધરે છે.**

Technology from ZEISS
We make it visible

Netradeep Eye Hospital Pvt. Ltd.
RAJKOT

**રિલેક્સ સ્માઇલ સારવારમાં પ્રથમ 30 દર્દીઓને ૨૦ % જેવી છૂટ આપવામાં આવશે.**

**NETRADEEP** EYE HOSPITAL PVT. LTD.
EXCIMER LASER CENTRE
Kanak Road, B/h. Bus Stand and Bhutkhana, RAJKOT. Ph. : 2225190, 2239270

*Dr. V. V. Sapovadia*
(M. S. Ophth.)

## લેસીક સારવાર માટે આવતા પહેલા...

- શકય હોય ત્યાં સુધી લેસીક માટે એપોઈન્ટમેન્ટ પહેલેથી લેવી
- આપના જુના કેસ પેપર સાથે લઈ આવવા.
- લેન્સ પહેરતા હોય તો ઓપરેશન ના અઠવાડીયા પહેલા લેન્સ ન પહેરવા.
- ઓપરેશન ના આગલા દિવસ થી એન્ટીબાયોટીક ટીપા ત્રણ વખત નાખવાના હોય છે.
- ઓપરેશન બાદ પહેરવા માટે સાદા ગોગલ્સ સાથે રાખવા.
- ઓપરેશન માટે શરૂ કરેલ ટીપા સાથે લઈ આવવા.
- ઓપરેશન માટે આપને આપેલ સમય અંદાજીત હોય છે. જે પરીસ્થીતી પ્રમાણે ફેરફાર થઈ શકે છે.
- આપનો વેઈટીંગ સમય ઘટાડવા માટે હોસ્પીટલ પર ફોન કરી આવવું.

## મોતીયા ના ઓપરેશન માટે આવતા પહેલા ...

- શકય હોય ત્યાં સુધી મોતીયા ના ઓપરેશન માટે એપોઈન્ટમેન્ટ પહેલેથી લેવી
- આપના જુના કેસ પેપર સાથે લઈ આવવા
- અન્ય કોઈ બીમારી જેમ કે ડાયાબીટીસ, બી.પી. અસ્થમા, વગેરે.. હોય તો તેની દવાઓ ડોકટર ની સલાહ મુજબ ચાલુ રાખવી.
- મોતીયા ના ઓપરેશન ના આગલા દિવસથી એન્ટીબાયોટીક ટીપા ત્રણ વખત નાખવાના હોય છે.
- મોતીયા ના ઓપરેશન ના દિવસથી એન્ટીબાયોટીક ગોળી શરૂ કરવાની હોય છે. જે જમ્યા પછી દિવસની એક ગોળી લેવાની હોય છે.
- ઓપરેશન બાદ પહેરવા માટે સાદા ગોગલ્સ સાથે રાખવા.
- ઓપરેશન માટે શરૂ કરેલી દવાઓ સાથે લાવવી.
- ઓપરેશન માટે આપને આપેલ સમય અંદાજીત હોય છે. જે પરીસ્થીતી પ્રમાણે ફેરફાર થઈ શકે છે.
- આપનો વેઈટીંગ સમય ઘટાડવા માટે હોસ્પીટલ પર ફોન કરી આવવું.